વાર્ષિક લવાજમ - રૂા. ૨૫/-

October - 2024


# સ્વાનુભૂતિપ્રકાશ



પ્રકાશક :

**શ્રી સત્શ્રુત પ્રભાવના ટ્રસ્ટ,**

ભાવનગર - ૩૬૪ ૦૦૧.



# ચિંતાનો એકમાત્ર ઈલાજ

-પૂજ્ય ભાઈશ્રી શશીભાઈ

ચિંતા વિનાનો કોઈ જીવ નથી. છે કોઈ જીવ ચિંતા વિનાનો? બધાં ચિંતા કર્યા જ કરતા હોય છે. બધાં જીવો ઉપર-મનુષ્યો ઉપર સામાન્યપણે એક દૃષ્ટિ નાખો તો સામાન્યપણે બધાં મનુષ્યો ચિંતામાં પડેલાં જ છે. કેમકે એને પોતાનાં સંયોગો વિષેનું ચિંતવન ચાલુ હોય છે. આમ કરવું છે... આમ કર્યું છે... આમ કરવું છે ને આમ કરશું... આ કર્યું છે, આમ કરવું છે અને આમ હજી કરશું. આ બધી સંયોગની ચિંતા જગતવાસી જીવને ચાલે છે.

એમાંથી - એ જગતમાંથી છૂટો પડીને - જુદો પડીને જે સિદ્ધ થવાના રસ્તે - સિદ્ધાલયના રસ્તે પહેલું ભાવમાં પ્રયાણ કરે છે ત્યારે એની દશામાં જે ફેરફાર થાય છે એમાં એને પહેલી ચિંતા પોતાના ભવભ્રમણની થાય છે. સંયોગોની ચિંતા નથી થતી પણ ભવભ્રમણની ચિંતા થાય છે કે, અરે...! આ જન્મ-મરણ મટવાનો કોઈ ઉપાય હશે કે નહિ હોય? કે આમને આમ બસ, જન્મ-મરણ... જન્મ-મરણ... કર્યા કરવાના?

આમ તો જગતમાં જીવો સ્વીકારે છે કે, મરણ કોઈના હાથની ચીજ નથી. કેમકે કોઈને મરવું નથી છતાં અનિચ્છાએ પણ એ સ્થિતિ સ્વીકારી લેવી પડે છે. અહીંથી મરે છે (અને) ગમે ત્યાં જન્મે છે. એ પણ એના હાથની વાત નથી. ક્યાં જન્મવું એ એની ઈચ્છા પ્રમાણે થતું હશે? કે, હવે મારે અહીંથી તો અહીંયાં જ જાવું છે! એવું તો કાંઈ બનતું નથી. તો પરવશપણે ગમે ત્યાં જવું પડે અને ગમે તેવાં દુઃખ ભોગવવા પડે એ સ્થિતિમાંથી બહાર નીકળવાનો કોઈ ઉપાય ખરો કે નહિ? એની ચિંતા જેને લાગી છે. જ્યારે ચિંતા હોય ત્યારે ક્યાંય ગમે નહિ. આ સ્થિતિ થાય. ક્યારે ન ગમે? ચિંતા હોય ત્યારે ક્યાંય ગમે નહિ.

એને એમ કહે છે કે, તને આવી કંઈ ચિંતા છે? તને ક્યાંય ગમતું નથી? જો તારી આવી સ્થિતિ હોય તો જા તું અંદરમાં, તારા આત્માના પરિચયમાં! આત્માના સ્વભાવનો પરિચય કર, સ્વભાવનો આશ્રય કર. ત્યાં સુખ, શાંતિ, આનંદ બધું ભરેલું હોવાથી ત્યાં જતાં તને ગમશે. ગમશે અને તારી ચિંતાનો પણ નાશ થઈ જશે.

ભવ અને ભવના કારણના અભાવસ્વભાવે રહેલું તારું આનંદમય જે તત્ત્વ છે એમાં - આત્મામાં જતાં, ઉપયોગ એમાં જતાં પરિણામમાં જે બેચેની છે, અણગમો છે એ ચાલ્યો જશે. નિરાકુળ શાંતિ તને વેદાશે. અને એટલા માટે અમે તને એમ કહીએ છીએ કે, એમાં જા! એમાં ગમે એવું છે અને એમાં તું ગમાડ. બસ!


(પ્રવચનાંશ...શ્રી 'અધ્યાત્મ સુધા' ભાગ - ૧, પાના નં.- ૮)

# સ્વાનુભૂતિપ્રકાશ

વીર સંવત-૨૫૫૦ : અંક-૩૨૨, વર્ષ-૨૬, ઑક્ટોબર-૨૦૨૪


**શ્રાવણ સુદ ૧૦, બુધવાર, તા.૨૭-૦૭-૧૯૬૬, યોગસાર ઉપર પૂજ્ય ગુરુદેવશ્રી કાનજીસ્વામીનું પ્રવચન, ગાથા-૧૦૬ થી ૧૦૮ પ્રવચન-૪૫**





'**પ્રગટતા કેવલજ્ઞાનોપયોગરૂપ થઈને પરિણમે છે.; માટે તેમને સમસ્ત દ્રવ્ય, ક્ષેત્ર, કાળ, ભાવનું અક્રમે ગ્રહણ હોવાથી સમક્ષ સંવેદનને આલંબનભૂત સમસ્ત દ્રવ્ય-પર્યાયો પ્રત્યક્ષ જ છે.**' ભગવાનને પ્રત્યક્ષ છે. એવો તારો સ્વભાવ છે, ભાઈ! શક્તિનો એવો સ્વભાવ છે અને વ્યક્ત થવામાં આ એને કારણપણે ગ્રહતા ઉપર પર્યાયમાં, જે ઉપર અલ્પજ્ઞ આદિ છે, એને (જ્ઞાનસ્વભાવને) કારણપણે ગ્રહીને એકાકાર થતાં પર્યાયમાં કેવળજ્ઞાનના ઉપયોગરૂપે પરિણમી જાય છે. આહાહા..! ઝીણું બહુ પણ આમાં. ભાઈ! એ તો અરૂપી છે ને! અરૂપીનાં લક્ષણો અરૂપી, એના સ્વભાવ અરૂપી, એના કાર્ય અરૂપી, કારણ અરૂપી, એના ગુણ અરૂપી. સમજાણું કાંઈ?

કહે છે, '**આ વાતને સંદેહ રહિત જાણો.**' '**णिभतुं**'. ભગવાનઆત્માના દર્શનથી જ મુક્તિને પામ્યા. આત્માના દર્શનથી જ મુક્તિને પામશે, આત્માના દર્શનથી મુક્તિને વર્તમાન મહાવિદેહક્ષેત્રમાં (પામે છે). આ મુનિ લખે છે ત્યારે પાંચમાં આરાનાં છે ને અહીં? અહીં ક્યાં કેવળ છે? સમજાણું કાંઈ? સમજાણું?

'**મોક્ષનો ઉપાય કેવળ પોતાના જ આત્માનો અનુભવ છે.**' લ્યો! દર્શનનો અર્થ અનુભવ છે. મૂળ અનુભવ જ કહેવું છે. '**મોક્ષ આત્માનો પૂર્ણ સ્વભાવ છે.**' મોક્ષ આત્માનો પૂર્ણ સ્વભાવ છે. '**મોક્ષમાર્ગ તે જ સ્વભાવનો શ્રદ્ધા અને જ્ઞાન દ્વારા અનુભવ છે.**' શું (કહ્યું)? મોક્ષ આત્માનો પૂર્ણ સ્વભાવ અને એ મોક્ષમાર્ગ '**તે જ સ્વભાવનો...**' સ્વભાવનો શ્રદ્ધા, જ્ઞાન દ્વારા અનુભવ એ માર્ગ છે. એ સ્વભાવનો, પૂર્ણ સ્વભાવનો શ્રદ્ધા, જ્ઞાન ને શાંતિ એટલે ચારિત્ર દ્વારા અનુભવ (થવો) તે અનુભવ મોક્ષનો માર્ગ છે. અનુભવ મોક્ષમાર્ગ. 'અનુભવ રત્ન

ચિંતામણી, અનુભવ હૈ રસકૂપ, અનુભવ માર્ગ મોક્ષનો, અનુભવ મોક્ષ સ્વરૂપ'. પર્યાય મોક્ષસ્વરૂપ કહો. વસ્તુ મોક્ષસ્વરૂપ, ત્રિકાળ મોક્ષસ્વરૂપ જ છે, મુક્ત જ છે. પરમ સ્વભાવ ભાવ પરિણામી મુક્ત સ્વરૂપ છે. એને બંધ કેવો? ને એને આવરણ કેવા? એવા મુક્ત સ્વભાવનું શરણ લઈને જે અંતર અનુભવ દશા પ્રગટ થાય એ અનુભવ માર્ગ પર્યાય છે. એ પર્યાય મોક્ષનો માર્ગ છે. સમજાણું કાંઈ?

**'પોતાનો જ આત્મા સાધ્ય છે, પોતાનો જ આત્મા સાધક છે. ઉપાદાન કારણ જ કાર્યરૂપ થઈ જાય છે.'** શુદ્ધ ઉપાદાન સ્વભાવ પોતે જ પરિણમીને પૂર્ણાનંદની પ્રાપ્તિરૂપી કાર્યને પામી જાય છે. ભલે વચ્ચે સંઘયણ ને ગમે તે હો. સમજાણું કાંઈ? વજનારાચસંહનન ને મનુષ્યપણું એ કાંઈ કેવળજ્ઞાન પામવાના, કાર્યમાં નથી આવતું. પોતે જ શુદ્ધ ભગવાનઆત્મા પૂર્ણ શુદ્ધ સ્વભાવ, એ અંતરમાં એકાકાર થઈ પરિણમતો પરિણમતો પરિણમતો પૂર્ણ કાર્યરૂપે પરિણમી જાય છે. ઉપાદાન કારણ કાર્યરૂપે પરિણમી જાય છે. સમજાણું?

સોનાનો દાખલો આપ્યો છે. **'સુવર્ણ પોતે જ ધીરે ધીરે શુદ્ધ થાય છે.'** પોતે જ. 'પંચાસ્તિકાય'માં દાખલો છે ને! ભાઈ! અગ્નિનું નિમિત્ત કીધું છે પછી કીધું સુવર્ણ પોતે જ પોતાને કારણે ઉપાદાનથી શુદ્ધ થતું થતું સોળ વલું થઈ જાય છે. ઓલું તો નિમિત્તથી કીધું. પદાર્થ સુવર્ણસોનું પોતે જ પોતાની શુદ્ધતાથી પરિણમતું પરિણમતું પરિણમતું પરિણમતું પરિણમતું સોળ વલું થઈ જાય છે. સોળ વલું કહે છે? સોળે વાન. અગ્નિ તો નિમિત્ત છે. સમજાય છે? **'સોનું પોતાથી જ કુંદન (શુદ્ધ સુવર્ણ) બની જાય છે.'**

**'આ દશાને આત્માનું દર્શન અથવા આત્માનો સાક્ષાત્કાર કહે છે.'** લ્યો! ભગવાનઆત્મા જ્ઞાનમાં જ્ઞેય તરીકે પણ અભેદ આવ્યો, શ્રદ્ધામાં પણ દ્રવ્ય એટલે અભેદ આવ્યો. એમાં સ્થિર થવું એ અનુભવ થયો, પર્યાય. અનુભવ દ્રવ્ય-ગુણનો હોઈ શકે નહિ. અનુભવ પર્યાયનો હોય. કારણ કે જ્ઞાન બધાનું હોય. ત્રણ કાળ, ત્રણ લોકનું (હોય) પણ અનુભવ તો એક સમયની પર્યાયનો (તેનું) જ વેદન હોય. એ વેદન જે આત્માનો અનુભવ તે જ મોક્ષનો માર્ગ છે. ઓહોહો..! વ્યવહારવાળાને આકરું બહુ પડે. વ્યવહાર છે, ભાઈ! એમ કીધું ને? છે. પણ એનું લક્ષ છોડીને, એનું લક્ષ છોડીને એનો આશ્રય છોડીને અહીં ભગવાન પૂર્ણાનંદ પ્રભુ એનો આશ્રય કર ત્યારે જ અનુભવની શરૂઆત થાય છે, ત્યારે જ મોક્ષમાર્ગની શરૂઆત થાય છે. સમજાણું?

**'આત્માનું દર્શન અથવા આત્માનુભવ જ એક સીધી સડક છે જે મોક્ષના સિદ્ધમહેલ સુધી ગયેલી છે.'** ભઈ! આ સડક ક્યાં જશે? આ સડક છે ને ક્યાં જશે? જાવ તળેટી સુધી. 'પાલીતાણા'ની તળેટી સુધી જાય. આ સડક જાય છે ને? આ સીમેન્ટ કોંક્રિટની. ક્યાં જશે? કે જાવ સીધી તળેટી સુધી. જ્યાં 'શેત્રુંજય' છે એની તળેટી સુધી જાય છે. એમ **'આત્માનું દર્શન અથવા આત્માનુભવ જ એક સીધી સડક છે જે મોક્ષના સિદ્ધમહેલ સુધી ગયેલી છે.'** મોક્ષરૂપી પ્રસાદમહેલ ત્યાં સુધી સડક ગઈ છે. સમજાણું? ભગવાન ત્યાં મહાવિદેહમાં બિરાજે છે. આમ બિરાજે છે. એમ કહે ને? આમ બિરાજે છે. એમ સિદ્ધપણાની પર્યાયની સીધી સડક એ આત્માનુવભવનો જે અંતર અનુભવ શ્રદ્ધા, જ્ઞાન ને શાંતિથી કરવો એ સીધી સડક મોક્ષના મહેલ સુધી જાય છે. પૂર્ણ કાર્ય સુધી ચાલી જાય છે, પૂર્ણ કાર્ય સુધી એ કારણ ચાલ્યું જાય છે. સમજાણું કાંઈ? સમજાય છે કે નહિ આમાં? 'નટુભાઈ'! બહુ ઝીણું પણ આમાં.

મુમુક્ષુ : સડકની વાત સમજાય ને.

ઉત્તર : ઈ સડકની વાત છે? એ તો દાખલો આપ્યો, એ તો દાખલો. સિદ્ધાંત સિદ્ધ કરવા દાખલો છે કે દાખલો સિદ્ધ કરવા દાખલો છે?

ભગવાનઆત્મા શુદ્ધ સ્વભાવ પરમાનંદની મૂર્તિ, એનું અનુસરીને ભવવું-અનુભવ-એને અનુસરીને થવું. રાગ ને નિમિત્તને અનુસરવાનું છોડી સ્વભાવ પૂર્ણાનંદને અનુસરીને ભવવું-થવું, એવો જે પર્યાયમાં આનંદ ને

શાંતિનો અનુભવ એમાં સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર ત્રણેય આવી ગયા. એ સીધી સડક સિદ્ધપદની પર્યાયનાં મહેલ સુધી પહોંચી જાય છે. '**બીજી કોઈ ગલી નથી.**' એમ લખ્યું છે. એ..ઈ..! કોઈ કહે, આ ક્યાં જાય? એ સીધી ગલી છે. બીજું કાંઈ વચમાં (આવે છે)? તો કહે, વચમાં કાંઈ નથી. આડોઅવળો રસ્તો નથી, સીધી સડક છે. કાંઈ નથી, સીધી સડક છે. અમારે તો ઘણું રસ્તામાં પુછવું પડતું ને? જ્યારે બહાર નીકળતા ત્યારે. ૧૮૦૦૦ માઈલ ફર્યા હતા ને જ્યારે? ત્યારે બહુ પુછવું પડતું. (સંવત) ૨૦૨૦ની સાલમાં 'મોહનભાઈ' પુછે, આ સડક ક્યાં ગઈ? સીધી (જાય છે). વચ્ચે (કાંઈ) આવશે? ના. સીધી (જાય છે). આગળ જતા બે માઈલ છેટે એક માર્ગ આની કોરનો નીકળશે એ છોડી દેવો, એમ કહે. બાકી સીધી ચાલી જશે. તમે હતા કે નહિ કેટલીક વાર? ઈ પણ એમાં હતા. કહો, સમજાણું કાંઈ?

'**જેના ઉપર ચાલીને ત્યાં પહોંચી શકાય. સિદ્ધપદ ન તો કોઈની ભક્તિથી મળી શકે છે...**' એ પરમાત્મા સાક્ષાત બિરાજે એની ભક્તિથી કાંઈ મુક્તિ નથી. એ વચ્ચે શુભભાવ આવ્યા વિના રહે નહિ. વીતરાગ થયો નથી ત્યાં સુધી પૂર્ણાનંદના આશ્રયની પરિણતિ હોવા છતાં ... એવો ભક્તિનો શુભભાવ આવે પણ એ સડક નથી. એ વચમાં એવો ભાવ અશુભથી બચવા, એમ કહેવાય ખરેખર તો તે કાળે તે શુભ આવ્યા વિના રહેતો નથી. વસ્તુસ્થિતિ આમ છે. સમજાણું કાંઈ? લ્યો!

'**સિદ્ધપદ ન તો કોઈની ભક્તિથી મળી શકે છે કે ન બાહ્ય તપ, જપ અને ચારિત્રથી મળી શકે છે.**' બહારનું તપ, ઉપવાસ આદિ કે જપ ભગવાન ભગવાન ભગવાન (કરવું) કે વ્યવહાર પંચ મહાવ્રતના પરિણામ આદિ, એનાથી મુક્તિ મળી શકતી નથી. '**તે તો કેવળ પોતાના જ આત્માના યથાર્થ અનુભવથી પ્રાપ્ત થઈ શકે છે.**' ઠીક લખ્યું છે. સમજાય છે કાંઈ? પછી એ દ્રવ્ય ગુણોનો સમુદાય છે, એમ લખ્યું છે. દ્રવ્ય છે એ ગુણનો સમુદાય છે. '**ગુણોમાં જે પરિણમન થાય છે, તેને જ પર્યાય કહે છે.**' સમજાણું?

૧૫મી ગાથામાં ન આવ્યું? આપણે 'પંડિતજી' હતા ત્યારે. જેઠ મહિનો. 'પંચાસ્તિકાય'.

**भावस्स णत्थि णासो णत्थि अभावस्स चेव उप्पादो।**
**गुणपज्जयेसु भावा उप्पादवए पकुव्वंति।।१५।।**

આ ચર્ચા આપણે જેઠ મહિનામાં ખૂબ ચાલી હતી. ૨૦૧૩ની સાલ, જેઠ માસ. પંડિતજી દસ દિવસ આવ્યા હતા ને? '**गुणपज्जयेसु भावा**' દરેક દ્રવ્ય પોતાના ગુણના પર્યાયને વિશે. '**उप्पादवए भावा पकुव्वंति**' '**उप्पादवए भावा पकुव्वंति**' દ્રવ્ય એના ઉત્પાદ વ્યયને કરે છે. ૧૫મી ગાથા (છે). સમજાણું કાંઈ? લ્યો! (પછી) અનંત ગુણનો સાગર છે, એમ લેશે.

મુમુક્ષુ : ઉત્પાદ વ્યય ધ્રુવ તો ધ્રુવ પરિણમનશીલ છે.

ઉત્તર : નહિ, નહિ. ધ્રુવ પરિણમનશીલ નહિ. પરમપારિણામિકભાવ તો એકરૂપ સદૃશ (છે).

મુમુક્ષુ : પરમપારિણામિક ભાવ છે તેનું પરિણમન તો કેવળજ્ઞાનરૂપ પણ થાય છે ને મતિશ્રુતજ્ઞાનરૂપ પણ થાય છે.

ઉત્તર : એ પણ થાય છે. મતિ-શ્રુત પણ થાય છે, પહેલા મતિ-શ્રુત આદિ થાય છે, પછી કેવળજ્ઞાન થાય છે. તેનું જ પરિણમન પર્યાયદ્રષ્ટિથી. દ્રવ્યદ્રષ્ટિથી તે એવો ને એવો જ છે. દ્રવ્યથી તો પરમપારિણામિક એવો ને એવો છે. પર્યાયદ્રષ્ટિથી જુઓ, પર્યાયદ્રષ્ટિથી જુઓ તો એ ધ્રુવનું એ ઉત્પાદ-વ્યયનું પરિણમન તે એનું છે. તે પર્યાયદ્રષ્ટિથી જુઓ તો. દ્રવ્યદ્રષ્ટિથી જુઓ તો એવો ને એવો છે. એ પરિણમતું નથી, દ્રવ્ય પરિણમતું નથી. દ્રવ્ય કૂટસ્થ છે. પર્યાય પરિણમે છે. દ્રવ્ય તો કૂટસ્થ છે, અપરિણમન છે. દ્રવ્ય સ્વભાવ (માટે તો) 'સદૃશ' શબ્દ લીધો ને? તેનો અર્થ જ સદૃશ લીધો છે. એવો ને એવો.

મુમુક્ષુ : ...

ઉત્તર : એ કૂટસ્થ દ્રષ્ટિમાં આવ્યો. પરિણમનશીલ પર્યાયમાં લક્ષમાં આવે છે, લક્ષમાં પર્યાયમાં આવે છે,

પણ લક્ષમાં જે ચીજ આવે છે તે અપરિણમનશીલ છે, વસ્તુદ્રવ્ય અપરિણમનશીલ છે, પણ લક્ષમાં આવે છે અનિત્ય પર્યાયથી. અનિત્ય પરિણમન પર્યાયથી લક્ષમાં આવે છે. એ ધ્રુવથી લક્ષમાં નથી આવતું, પર્યાયથી લક્ષમાં આવે છે. પણ લક્ષમાં શું (આવ્યું)? ધ્રુવ, કૂટસ્થ છે.

મુમુક્ષુ : પારિણામિકભાવમાં પણ પર્યાય છે?

ઉત્તર : ગુણ છે, પર્યાય નહિ. ગુણરૂપ ત્રિકાળ એકરૂપ. પર્યાય તો જે ઉત્પન્ન થઈ તે, તે તો પર્યાયદ્રષ્ટિ. ગુણસ્વરૂપ જ છે. એ તો ગુણવાન, વાળો (એવો) ભેદ પણ નહિ, ગુણસ્વરૂપ જ છે.

અહીં તો એ ચીજ છે એ એકદમ ધ્રુવ, એકદમ ધ્રુવ. ખરેખર તો નિશ્ચયનું સ્વરૂપ જ ધ્રુવ છે. આ તો પર્યાય છે, ઉત્પાદ-વ્યય એ બધો વ્યવહારનો વિષય છે, પણ છે. બીજી રીતે જો કહીએ તો એ પારિણામિક છે એની જ એ પર્યાય છે પણ એ વ્યવહારનયની અપેક્ષાએ. પારિણામીક સ્વભાવ છે એ તો નિશ્ચયથી એકરૂપ ત્રિકાળ, એકરૂપ ત્રિકાળ, ઓછું નહિ, વિશેષ નહિ, પરિણમન નહિ, ભેદ નહિ. પણ એ લક્ષ કરનાર છે તે પર્યાય છે. પર્યાયથી લક્ષ થાય છે. કરવું કોનું? એ દ્રવ્યનું. કરે કોણ? કે, પર્યાય. ધ્રુવ તો લક્ષ કરતો નથી, ધ્રુવ તો એકરૂપ છે. પર્યાયનો જે અનુભવ છે એ 'આ દ્રવ્ય સામાન્ય છે' એમ નક્કી કરે છે. સમજાણું કાંઈ?

**'આત્મા પૂર્ણ જ્ઞાન, દર્શન, સુખ, વીર્ય, સમ્યક્ત્વ, ચારિત્રાદિ શુદ્ધ ગુણોનો સાગર છે.'** લ્યો! વિશેષ લીધું છે. **'ચોથા અવિરત સમ્યક્ત્વ ગુણસ્થાનમાં આત્માનો અનુભવ શરૂ થઈ જાય છે.'** આની કોર છે, ભાઈ! **'તે બીજના ચન્દ્ર સમાન...'** એ 'પરમાત્મ પ્રકાશ'માં નાંખ્યું છે ભાઈએ 'દૌલતરામજી'એ. 'પરમાત્મ પ્રકાશ'માં (છે). બીજનો જેમ ચંદ્રમા હોય છે એટલો અનુભવ ચોથેથી થોડો (શરૂ) થઈ જાય ઈ વધતા વધતા પૂર્ણને પામી જાય છે. એ બધી પર્યાયો છે, ધ્રુવ તો એમ ને એમ છે ઈ છે. એમાં કાંઈ ઓછું-વત્તું થાય છે એમ છે નહિ. કેવળજ્ઞાન થાય તો ત્યાં પર્યાય શક્તિ ઓછી છે અને મતિજ્ઞાન થયું અનંતમેં ભાગે તો ત્યાં શક્તિ વધારે છે, એમ કંઈ છે નહિ. એ તો એકરૂપ ત્રિકાળ એકરૂપ છે.

તે દિ' ભાઈએ કીધું નહિ? ઓલામાં આપણે નહિ? 'લબ્ધિત્રય'માં. 'અકલંક દેવ'! ગુણનું લક્ષણ સદ્દશતા. એ વસ્તુ કાયમ એકરૂપ સદ્દશ.. સદ્દશ.. સદ્દશ.. સદ્દશ.. સદ્દશ.. ઉત્પાદ-વ્યય છે તે વિસદ્દશ છે. સદ્દશથી ઊલટું બીજું. વિસદ્દશ એટલે ભાવ-અભાવ, ભાવ-અભાવ, ઉત્પાદ તે ભાવ, વ્યય તે અભાવ. ભાવ-અભાવ. ઓલું ભાવ-ભાવ એકરૂપ સદ્દશભાવ, એકરૂપ સદ્દશભાવ, આ વિસદ્દશભાવ. વિસદ્દશ તે વ્યવહારનયનો વિષય, સદ્દશ તે નિશ્ચયનો વિષય. બેને એકસાથે કહો તો પ્રમાણનો વિષય થઈ ગયો. સમજાણું કાંઈ? વસ્તુ જ એવી છે. ત્યાં એમાં કરેલી કોણે છે? વસ્તુ જ આવી અનાદિની ચીજ છે. સમજાણું કાંઈ?

ચંદ્રમાને સમાન છે. લ્યો! એ **'તે જ આત્માનુભવના સતત અભ્યાસથી પાંચમા ગુણસ્થાનને યોગ્ય...'** આગળ વધી જાય છે, એમ કહે છે. **'આત્માનુભવને જ ધર્મધ્યાન કહે છે.'** જુઓ! ધર્મધ્યાન કોઈ બીજી ચીજ નથી. આત્માનુભવ એ ધર્મધ્યાન છે. ધર્મ નામ ત્રિકાળી સ્વભાવ, એનું ધ્યાન એકાગ્રતા (થવી) એ તો આત્માનો અનુભવ ધર્મ, એ ધર્મધ્યાન છે. ઓલા કહે, શુભયોગ તે ધર્મધ્યાન છે. અરે..! ભગવાન! ભારે ભાઈ!

એક ફેરી નહોતું કહ્યું? ભદ્ર 'પંડિતજી'! 'પંડિતજી'ને ખબર છે. (એક જણ કહેતો હતો), સમકિતીને ધર્મધ્યાન નથી, ભદ્રધ્યાન છે. એ કહ્યું હતું ને? પણ ભદ્ર ભલે આવે પણ એનો અર્થ શું? એમ નથી. એ તો ભદ્ર એટલે સરળસીધું ધ્યાન. ધર્મધ્યાન ઉગ્રપણે તે શુક્લધ્યાન છે. આ હજી એકદમ ઉગ્ર નથી. આહાહા...! શુક્લધ્યાન, એમ લખ્યું છે. અને **'કષાયમળ અધિક દૂર...'** થવાથી શુક્લધ્યાન થાય છે. **'આ મોક્ષમાર્ગ વર્તમાનમાં પણ સાધકને આનંદ આપનાર છે.'** આ બાજુ (છે). **'આ મોક્ષમાર્ગ વર્તમાનમાં પણ...'** આપણે સાર સાર લઈએ

છીએ, (બાકી બીજું) ઘણું બધું લખાણ છે. **'ભવિષ્યમાં અનંત સુખનું કારણ છે.'**

મોક્ષમાર્ગ તો વર્તમાન આનંદ છે. આનંદ છે, દુઃખ કેવું? સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર જે સ્વભાવ પૂર્ણ (છે) તેની દ્રષ્ટિ, એનું જ્ઞાન અને રમણતા એ ત્રણે આનંદમૂર્તિ છે. સમ્યગ્દર્શન આનંદરૂપ છે, જ્ઞાન આનંદરૂપ છે અને ચારિત્ર આનંદરૂપ છે. મોક્ષમાર્ગ વર્તમાન આનંદદાતા છે (અને) ભવિષ્યમાં પૂર્ણ આનંદનો એ દાતા છે. સમજાય છે? અનંત સુખનું કારણ છે.

**'મુમુક્ષુને વ્યવહાર ધર્મના બાહ્ય...'** એ કાંઈ નહિ, એમાં ગડબડ છે. થોડી ગડબડ ક્યાંક નાંખી દ્યે છે. નિમિત્તની તો ગડબડ નાંખી દે છે. નિમિત્ત છે ને! લ્યો! હવે છેલ્લો શ્લોક, છેલ્લો શ્લોક, લ્યો! આજે પૂરું થાય છે. જેઠ વદ ૩ શરૂ કર્યું હતું. 'ચીમનભાઈ'ના વાસ્તુમાં. 'શાંતિભાઈ તમારે (ત્યાં) વાસ્તુ હતું ને? તે દિ' જેઠ વદ ૩, વાર સોમવાર હતો ને? સોમવાર. જેઠ વદ ૩ સોમવારે ત્યાં શરૂ કર્યું હતું. વાસ્તુ (હતું), નવું મકાન (કર્યું). આજે હવે પૂરું થાય છે.

**ગ્રંથકર્તાની અંતિમ ભાવના**

**संसारह भय-भीयएण, जोगिचंद-मुणिएण।**
**अप्पा-संबोहण कया, दोहा इक्क-मणेण।।१०८।।**
**સંસારે ભયભીત જે, યોગીન્દુ મુનિરાજ;**
**એકચિત્ત દોહા રચે, નિજસંબોધન કાજ. ૧૦૮.**

**અન્વયાર્થ : (संसारह भय-भीयएण) સંસારના ભ્રમણથી ભયભીત (जोगिचंद-मुणिएण) યોગેન્દ્રાચાર્ય મુનિએ (अप्पा-संबोहण) આત્માને સમજાવવા માટે (इक्क-मणेण) એકાગ્ર ચિત્તથી (दोहा कया) આ દોહાઓની રચના કરી છે.**

**'ગ્રંથકર્તાની અંતિમ ભાવના.'**

**संसारह भय-भीयएण, जोगिचंद-मुणिएण।**
**अप्पा-संबोहण कया, दोहा इक्क-मणेण।।१०८।।**


પહેલી શરૂઆતમાં એમ કહ્યું હતું કે, જે ભવભીરૂ જીવ છે એને માટે કરું છું. અહીં પોતે (કહે છે), મેં મારા આત્મા માટે, સંબોધનને માટે, મેં મારી ભાવનાની એકાગ્રતા માટે (રચના કરી છે). જેમ 'નિયમસાર'માં કહ્યું ને પ્રભુએ? 'કુંદકુંદાચાર્યે'. **'णियभावणाणिमित्तं मए कद'** મારી ભાવના માટે મેં આ કહ્યું છે, ભાઈ! એમ અહીં આચાર્ય પોતે કહે છે કે, **'अप्पा-संबोहण कया'** - મારા આત્માને મેં સંબોધન કર્યું છે, ભાઈ! હે આત્મા! તું પરમાનંદમૂર્તિ છો એમાં સ્થિર થા, એમાં સ્થિર થા, એમાં સ્થિર થા. દ્રષ્ટિ ને જ્ઞાન થયું છે પણ હવે એમાં સ્થિર થા. એવા સંબોધનને કારણે મેં આ રચ્યું છે. સમજાણું કાંઈ?

**'સંસારના ભ્રમણથી ભયભીત...'** અરે..! ચાર ગતિના ભવ (એનો) ભય, ભય જેને લાગ્યો હોય. સમજાણું? એને માટે કહે છે, ચાર ગતિનો ડર લાગ્યો છે. આહાહા..! પરાધીનતા, દુઃખરૂપ દશા. સ્વર્ગનો ભવ પણ દુઃખરૂપ પરાધીન છે. ચાર ગતિ લીધી છે, હોં! (ફક્ત) દુઃખ એમ નહિ, દુઃખથી ડરે એમ નહિ. **'संसारह भय-भीयएण'** 'સંસાર' શબ્દે ચાર ગતિ. એકલું દુઃખ ને કંટાળે એ તો દ્વેષ છે. એમાં તો એને સુખની, સ્વર્ગની ઈચ્છા છે.

**(શેષ આવતા અંકે... )**


## આભાર

'સ્વાનુભૂતિપ્રકાશ' (ઑક્ટોબર-૨૦૨૪, ગુજરાતી તથા હિન્દી) ના અંકની સમર્પણ રાશિ
૧) શ્રીમતી શારદાબેન ચંદુલાલ પારેખ, મુંબઈ તથા
૨) ડૉ. મહેશભાઈ જયંતિલાલ મહેતા, મુંબઈ
તરફથી ટ્રસ્ટને સાભાર પ્રાપ્ત થયેલ છે, જેથી પાઠકોને આત્મકલ્યાણ હેતુ મોકલવામાં આવેલ છે.



## શ્રીમદ્ રાજચંદ્ર પત્રાંક-૧૦૩ પર પૂજ્ય ભાઈશ્રી શશીભાઈનું તાઃ ૦૭-૦૮-૯૮ કોલકાતામાં થયેલ પ્રવચન

**પત્રાંક - ૧૦૩**

**મુંબઈ, માહ, ૧૯૪૬**

**કુટુંબરૂપી કાજળની કોટડીના વાસથી સંસાર વધે છે. ગમે તેટલી તેની સુધારણા કરશો તોપણ એકાંતથી જેટલો સંસારક્ષય થવાનો છે, તેનો સોમો હિસ્સો પણ તે કાજળગૃહમાં રહેવાથી થવાનો નથી. કષાયનું તે નિમિત્ત છે; મોહને રહેવાનો અનાદિકાળનો પર્વત છે. પ્રત્યેક અંતરગુફામાં તે જાજ્વલ્યમાન છે. સુધારણા કરતાં વખતે શ્રાદ્ધોત્પત્તિ થવી સંભવે, માટે ત્યાં અલ્પભાષી થવું, અલ્પહાસી થવું, અલ્પપરિચયી થવું, અલ્પઆવકારી થવું, અલ્પભાવના દર્શાવવી, અલ્પસહચારી થવું, અલ્પગુરુ થવું, પરિણામ વિચારવું, એ જ શ્રેયસ્કર છે.**

**(ગતાંકથી આગળ...)**

આપણે એક દૃષ્ટાંત લીધું કે, બહારમાં પ્રતિકૂળતા છે. કુટુંબીઓ તો પ્રતિકૂળતા આપે છે. છતાં અંદર (મોહની) પરિણતિ છે ને એ મચક આપતી નથી. બહારમાં તો સામે-સામે દ્વેષ કરી લે. કુટુંબનો સભ્ય દ્વેષ કરે તો પોતે પણ સામે દ્વેષ કરી લે, પણ અંદર જે પોતાપણાની પરિણતિ છે, એમાં કેટલો પોતાનો આત્મા પકડાઈ ગયેલો છે! એની પોતાને ખબર નથી અને એમાંથી એ છૂટી શકતો નથી. એ (સામો) દ્વેષ કરે એટલે રાગની પરિણતિ (કાંઈ) ન મટે! કેમકે દ્વેષ તો ઉદય આવ્યો અને ક્ષણિક (વાર માટે) કર્યો. કોઈ દ્વેષનો પ્રસંગ ઊભો થયો અને ક્ષણિક દ્વેષ કરી લીધો (તો પણ રાગની) પરિણતિ જામેલી છે. અને એ સમજાતી નથી, એ દેખાતી નથી. એટલે એને દૂર કરવાનો જીવને ઉપાય પણ વિચારમાં આવતો નથી, તો પ્રયત્નમાં તો આવે જ કેવી રીતે?! હજી તો વિચારમાં પણ આવે નહીં, તો પ્રયત્નમાં (તો) આવે કેવી રીતે?

કાલે રાતના સ્વાધ્યાયમાં આપણે થોડો પરિણતિનો વિષય ચાલ્યો, એ એવી ચીજ છે. રસ લઈ-લઈને જે પરિણતિ કરી હોય છે, એવો રસ લીધેલો હોય છે! એક છ-આઠ મહિનાના બાળકને જોઈએ છીએ તો એ એની મા નો હાથ વર્તે છે (ઓળખી લે છે)! એને બીજો તેડે અને (એની મા) તેડે, એમાં એના પરિણામમાં ફેર પડે! એની મા ને જોવે ત્યાં હસવા માંડે, તેડવાની ક્યાં વાત રહી!! બીજાના ખોળામાં હોય અને સામેથી આવતી જુએ ત્યાં હસવા માંડે! (આમ) છ-છ મહિનાની આયુષ્યની અવસ્થાથી એટલો મારાપણાનો રસ લીધો હોય છે!! એને ભાષા નથી આવડતી કે '(આ)મારી મા', સ્પષ્ટ વિકલ્પ નથી કે 'આ મારી મા' એને અસ્પષ્ટ ભાવ છે કે 'આ મારી મા.' પણ રસ કેટલો પડ્યો છે! (અનંતકાળે) વિચારવાનો વખત આવે, સત્પુરુષના વચનામૃત સામે આવે, ખબર પડે કે આ (મમત્વ) નરક, નિગોદનો હેતુ છે, મારે આ કારણને છોડવું પડશે, પણ અંદર કેટલું (ઊંધું) લઈને બેઠો છે, એની કાંઈ ખબર પડતી નથી. એની પરિણતિ કેટલી (ગાઢ) થઈ ગઈ છે,

તેની ખબર નથી. દ્વેષ કરે તોપણ રાગની પરિણતિ છૂટતી નથી, બોલો! એને (છોડવાનો) પુરુષાર્થ કરે ત્યારે જ સમજાય એવું છે કે, આમાં કેટલો પરસેવો ઉતરે એવું છે.

બહુ સુગમ-સહેલો ઉપાય (એ છે કે) જો કોઈ જ્ઞાનીપુરુષ એને મળી જાય એને એમના પ્રત્યે પોતાપણું – અભેદભાવ થઈ જાય, અભિન્નબુદ્ધિ (થઈ જાય) (તો પોતાપણું મટી જાય). ૪૭૦ (પત્રમાં) અભિન્નબુદ્ધિ કહ્યું ને! **'જ્ઞાનીપુરુષ પ્રત્યે અભિન્નબુદ્ધિ થાય, એ કલ્યાણ વિષેનો મોટો નિશ્ચય છે,..'** એમ લીધું છે. (આ પત્રમાં) સિદ્ધાંત લીધો છે. આ બાજુ પોતાપણું થાય ને તો એ (કુટુંબ) બાજુથી ઉખડી જતાં વાર ન લાગે. સહજમાત્રમાં ઉખડી જાય. કેમકે એમાં (સત્પુરુષમાં) એને પરિણતિ થઈને એનો રસ શરૂ થઈ ગયો. (બીજો) રસ છૂટતો જાય. (આ બાજુનું) વજન જ એટલું આવે કે (બીજી બાજુની) પરિણતિનું પલડું ઉલળી જાય.

એટલે કૃપાળુદેવે સત્પુરુષનો વિષય અહીંયા મુખ્ય કર્યો છે એનું કારણ એ છે કે, બીજી રીતે (પોતાપણું) છોડવા જાય તો એને પરસેવો ઉતરી જાય એવું છે. કેમકે એવા-એવા ઉદય આવે, એવા-એવા પ્રસંગ બને- (એમાં) કુટુંબ પ્રતિબંધની જે પરિણતિ હોય એ એને પાછી દ્રઢ કરાવી દે. પાછો ખેંચાય જાય. થોડુ-ઘણું વિચારીને પાતળુ પાડ્યું હોય એ પાછુ ઘટ્ટ થઈ જાય. સત્સંગની થોડીક અસર આવી હોય એ ધોવાતા વાર ન લાગે. એક ઉદય (એવો) આવે ત્યાં બધું ધોવાણ થઈ જાય. એ રીતે, (પ્રતિબંધ છોડવાનો) વિષય બહુ કઠણ થઈ પડે છે અને એક રીતે બહુ સુગમ પણ થઈ પડે છે – પણ એ (જ્ઞાનીપુરુષ પ્રત્યે) અભિન્નબુદ્ધિ આવે તો, નહીંતર નહીં.

એમાં બને છે એવું કે, જીવને જો ખરેખર સંસારથી મુક્ત થવાની ભાવના થઈ હોય, બહુ પ્રમાણિકપણાની વાત છે કે હવે, ખરેખર છૂટી જ જવું છે, કોઈપણ ભોગે છૂટી જવું છે – એવો અભિપ્રાય થઈ ગયો હોય, અને પછી એને છૂટવાનું કારણ એવા જે સત્પુરુષ મળે, ત્યારે એને એમ લાગે છે કે 'બસ! હું જે દુઃખના સમુદ્રમાં ડૂબતો હતો એનાથી બચાવવા મને વહાણ મળી ગયું, હું હવે આમાં બેસી જાઉં!' પછી એને કિનારો નજીક દેખાય છે. નહીંતર તો ૧૫ ફૂટ કિનારો હોય તો પણ ડૂબી જાય. તરિયો હોય એ ૧૫ ફૂટ સુધી તરી ન શકે. કેમકે (પાણીનો) પ્રવાહ એવો હોય છે (જે) એને ખેંચી જાય છે. (પરંતુ સત્પુરુષ મળ્યા) પછી એને ધરપત આવે છે કે, 'હું હવે તરી ગયો!' પછી એ વહાણને એવી રીતે પકડી રાખે છે કે પછી કોઈ (પણ) ભોગે છોડે નહીં.! એટલે એ બાજુની પકડ જ એટલી મજબૂત આવે કે (સંસાર) બાજુની પકડ છૂટી જાય. એમ થાય છે. એક બાજુ ઝૂકાવ વધી જવાથી બીજી બાજુનો ઝૂકાવ ઘટી જાય છે અથવા મટી જાય છે. એવો પ્રકાર (બને) છે.

(અહીંયા શું કહે છે)? **'પ્રત્યેક અંતરગુફામાં તે જાજ્વલ્યમાન છે.'** શું (જાજ્વલ્યમાન છે)? મોહ. પ્રત્યેક અંતરગુફામાં અંદરના પરિણામોની પરિણતિ ઘણી ગાઢ કરેલી છે. એ બધું જામેલું છે. (એમ કહે છે). જાજ્વલ્યમાન એટલે શું? કે બળવાન છે. ખૂબ બળવાન છે. એટલે અંદરની ગુફામાં એ બહુ સતેજ છે, એમ કહેવું છે. બહારમાં કોઈ થોડોક ત્યાગ કરે એટલે એમ નથી સમજવા જેવું કે એને કુટુંબ પ્રતિબંધ છૂટી ગયો છે. ઘણા તો કુટુંબ છોડીને દેશ ત્યાગી કે સર્વ ત્યાગી થાય છે. એમ ઘણા (લોકો) કુટુંબ છોડે છે. પણ એનો અર્થ એમ નથી કે એણે કુટુંબ પ્રતિબંધ છોડ્યો છે. પહેલા પ્રતિબંધ છૂટવો જોઈએ પછી બાહ્ય ત્યાગ કરે તો સારું! બાહ્ય ત્યાગ કરવાથી પ્રતિબંધ છૂટે

છે એવું નથી. મારાપણું છોડવું (જોઈએ). જીવ ક્યાંક ને ક્યાંક તો મારાપણું કરશે જ - કાં (તો) શ્રીગુરુમાં અને કાં (તો) સ્વરૂપમાં. નહીંતર અનાદિનું જે પરમાં મારાપણું છે, એ તો એટલું ગાઢ થયેલું પડ્યું છે કે એ જલ્દી છોડ્યું છૂટે એવું નથી. એ (છોડવા) માટે અવિધિએ ખોટા પ્રયત્નો કરે, ખોટા પ્રયોગ કરે, ખોટા ત્યાગના અખતરા કરે, તો એથી કાંઈ છૂટતું નથી. પોતે અનંતવાર જિનદીક્ષા લીધી છે. આ જીવે પણ અનંતવાર જિનદીક્ષા લીધી છે. **'યમ નિયમ સંજમ આપ કિયો, પુનિ ત્યાગ વિરાગ અથાગ લહ્યો'** વૈરાગ્યમાં આવીને દીક્ષા લીધી છે! એ વૈરાગ્ય અલ્પજીવી હોય છે.

કામ પદ્ધતિસર જ થાય. કામ, કામની પદ્ધતિએ ન કરો એટલે કામ બગડે, બગડે ને બગડે જ. શીરો, શીરાની રીતે જ થાય. રોટલી, રોટલીની રીતે થાય. બીજી રીતે કરવા જાય એટલે બગડે. રીત બદલે એટલે બગડે જ. કૃપાળુદેવ એમ કેમ કહે છે? કે જ્ઞાનીના માર્ગે ચાલવું. એમણે સોભાગભાઈનો મોટો ગુણ શું જોયો? **'જ્ઞાનીના માર્ગ પ્રત્યેનો તેનો અદ્ભુત નિશ્ચય વારંવાર સ્મૃતિમાં આવ્યા કરે છે.'** એમની અનુપસ્થિતિમાં એ સાંભરી આવે છે કે, કેવો જીવ હતો! મુમુક્ષુની ભૂમિકામાં કેવો જીવ હતો! (એમને) અદ્ભુત નિશ્ચય હતો કે, જ્ઞાનીના માર્ગે જ ચાલવું છે! એ (જીવને) સ્વચ્છંદ તો પહેલો જાય. જ્ઞાનીની આજ્ઞામાં આવ્યો એટલે (સ્વચ્છંદ પહેલા જાય). સ્વચ્છંદ તો સંસારમાં રખડાવવા (માટેનો) બહુ મોટો દોષ છે. એ સ્વચ્છંદ તો પહેલે ધડાકે જાય! પછી પ્રતિબંધ છૂટે. પણ એ જ્ઞાનીની આજ્ઞામાં રહે તો પ્રતિબંધ છૂટવો સહેલો છે. પણ આજ્ઞામાં રહેવું સહેલુ નથી!! કેમકે એણે પોતાની બધી વાત મૂકી દેવી પડે. એને પોતાની બધી વાત મૂકી દેવાનો વારો આવે, તો આજ્ઞામાં રહી શકે.

જ્ઞાની એમ કહે કે, કુટુંબનો પ્રતિબંધ છોડ! (એટલે આ બાજુ મુમુક્ષુ પ્રતિબંધ છોડવા માટે) તૈયાર હોય!! (જ્ઞાનીપુરુષ) પ્રકૃતિ (મૂકવાની વાત કરે). પ્રકૃતિનું એવું છે કે અંદરમાં ઉદય આવે (અને) સાવધાન થાય એ પહેલા તો ઝંપલાવી નાખે! જીવને એવા પરિણામ થાય છે એ કેવી રીતે છૂટે? કે જ્ઞાનીની આજ્ઞામાં રહે તો છૂટે. કેમકે એને એટલી જાગૃતિ આવે, એટલી નિર્મળતા આવે, એટલી સાવધાની આવે અને એ બધું મૂકવા એ તૈયાર હોય. પ્રકૃતિ છોડવા પણ તૈયાર હોય. નહીંતર પ્રાણ અને પ્રકૃતિ સાથે જાય, એવી દ્રઢ થયેલી હોય છે.

**'સુધારણા કરતાં વખતે શ્રાદ્ધોત્પત્તિ થવી સંભવે,...'** શ્રાદ્ધ એટલે શ્રાવક ધર્મ અને ઉત્પત્તિ એટલે પ્રગટતા. એટલે એ ઉપરની ભૂમિકાની (વાત) લીધી છે. શ્રાવકધર્મમાં તો આવી જવું જોઈએ. પાંચમાં ગુણસ્થાનમાં તો એણે આવી જવું જોઈએ. કુટુંબને છોડીને એકાંતવાસમાં જવું છે ને? એટલા માટે (આમ કહ્યું છે). **'માટે ત્યાં અલ્પભાષી થવું,...'** ત્યાં એટલે કુટુંબમાં ઓછું બોલવું, એમ કહે છે. કુટુંબમાં વધારે ક્યારે બોલે? રસ હોય ત્યારે. રસ ઘટે એટલે બોલવાનું ઓછું થાય. અથવા જે જીવ અંતરમાં પોતાના પુરુષાર્થ અને પ્રયત્નમાં એક લયથી, એકનિષ્ઠાથી અને એક લયથી સતત લાગેલો રહે, એને બીજી પ્રવૃત્તિ ઘટી જ જાય ને! બોલવા-ચાલવાનું ઘટી જાય. (એમ) અલ્પભાષી થવું. જેટલો રસ લઈને તું વધારે બોલવાનું રાખીશ એટલો પ્રતિબંધ દ્રઢ થવાનો છે.

લોકાચાર એવો છે કે, 'છોકરો નિશાળેથી આવે એટલે એને બોલાવવો જોઈએ, ન બોલાવો તો એને ખોટું લાગે, 'કેમ પપ્પા તમે કાંઈ બોલતા નથી? ઘરમાં પણ જો તમે બોલો નહીં તો (કેમ ચાલે)? (તમે તો) કાંઈ બોલતા જ નથી. આવું તો કાંઈ ચાલતુ હશે.'

આમાં ઘણી વાતો ઊભી થાય છે. **'અલ્પભાષી થવું'** – એટલે એમાં પછી ઘણી વાતો ઊભી થાય. પણ જે પોતાના કામે લાગ્યો છે એને સામે(વાળાને) શું લાગશે? એ વાત ઘટી જાય છે. જ્યાં સુધી અભિપ્રાયમાં સામેવાળાને શું લાગશે? એ વાત ઊભી છે, ત્યાં સુધી એ પ્રતિબંધને છોડી શકે જ નહીં. કુટુંબીઓ તો એમ કહે કે, 'તમારો ધર્મ બહુ સ્વાર્થનો છે. અમને શું લાગે એ તમારે જોવાનું નહીં. એનો અર્થ એ કે તમારે એકલો તમારો સ્વાર્થ જ જોવાનો!' થાય કે ન થાય? 'આવો તો કાંઈ ધર્મ હોતો હશે? બસ! પોતાનો સ્વાર્થ જોવે, બીજાનું તો કાંઈ જોવે જ નહીં. સામાને શું થાય એ કાંઈ જોવે જ નહીં.' એવું છે. સ્વાર્થ તો જરૂર છે! પણ બીજાની સાથે વ્યવહારમાં અસદ્‌વ્યવહાર કરવાનો સવાલ રહેતો નથી. સદ્‌વ્યવહાર છે, વ્યવહાર, વ્યવહારના સ્થાનમાં સદ્‌વ્યવહાર રાખે. પણ પોતે અંદરથી જ પલળે નહીં. અંદરથી મીઠું લાગે તો થઈ રહ્યું! તો લૂંટાઈ જાય! અંદરથી જુદો રહે. પછી બહારમાં જે વ્યાવહારિક ફરજ છે, એ તો એક નોકર પણ નિભાવે છે, તો પોતે નિભાવે એમાં ક્યાં સવાલ છે? લાગણી જુદી વસ્તુ છે, વ્યવહાર જુદી વસ્તુ છે. લાગણીમાં આવે તો પ્રતિબંધ ન છૂટે. વ્યવહાર કરે એમાં પ્રતિબંધનો કાંઈ સવાલ નથી. (પ્રતિબંધ) છોડવો અઘરો પડે; પણ અઘરું પડે તો પણ એક વખત તો એ (ઢીલું) થવું જોઈએ, કરવું જોઈએ. એના માટે થોડા ફેરફારો થાય ત્યારે (મુમુક્ષુ) અલ્પભાષી થાય છે – ઓછું બોલે, એ બનવા જોગ છે. (સાવ) ન બોલે એમ નહીં પણ ઓછું બોલે, જરૂર પૂરતુ બોલે, કામ પૂરતુ બોલે. એટલી વાત છે.

**'માટે ત્યાં અલ્પભાષી થવું,...'** એટલે બોલવામાં બહુ લવ–ઠવ ન રાખે. (એટલેકે) જે આવ્યા એની સાથે બોલી બોલીને એને સારુ લગાડવા જાય, એવું કાંઈ નહીં. મર્યાદા કરી નાખે. જરૂર પૂરતી – કામ પૂરતી વાત કરવી, બાકી મારે મારા કામમાં રોકાવું છે.

**'અલ્પહાસી થવું,...'** (આત્મહિતની) ગંભીરતા આવી જાય એટલે આપોઆપ અલ્પહાસી (થઈ જાય). હસવુ એ એક અગંભીર પ્રવૃત્તિ છે. પરિણામની જે પ્રવૃત્તિ છે એમાં અગંભીરતાએ હસવુ થાય છે. ગંભીરતામાં એ વાત નથી રહેતી. જ્યારે પોતે પોતાના કામે લાગે છે (ત્યારે એને એમ લાગે છે કે મેં) બહુ મોટુ કામ ઉપાડ્યું છે! બહ મોટુ એટલે? જગતમાં એથી (વધારે) મોટુ કોઈ કામ જ નથી, એવું મોટુ કામ ઉપાડયું છે. નિર્વાણપદ જેને લેવું છે, પૂર્ણતાનું લક્ષ જેણે બાંધ્યું છે, દ્રઢ મુમુક્ષુતા છે – એણે કેટલા મોટા કામની જવાબદારી લીધી છે! તો એના પ્રમાણમાં એની ગંભીરતા આવે છે. એટલે ઉંમર ભલે ગમે તેટલી હોય પણ આ એક સમજણ એવી છે કે એમાં maturity ઘણી આવે છે. નહીંતર માણસ અગંભીર પરિસ્થિતિમાં વાત–વાતમાં હસે! maturity ન હોય. આમાં તો એ પણ આવી જાય, ગંભીરતા આવે એની સાથે પરિપક્વતા ઘણી આવે. એ **'અલ્પહાસી થવું,...'** (નો ભાવ છે).

**'અલ્પપરિચયી થવું,...'** (અર્થાત્) પરિચય ઘટાડવો. સગામાં, સંબંધીઓમાં, મિત્રોમાં, સમાજમાં– જેટલા સંબંધો છે (એ લોકોનો પરિચય ઘટાડી નાખવો). સંસારમાં લોકો સંબંધો વધારવાના અભિપ્રાયવાળા હોય છે. મોક્ષાર્થી જીવ સંબંધો ઘટાડવાના અભિપ્રાયવાળા હોય છે. કેમકે બન્નેની આખી line જ વિરુદ્ધ છે. એટલે જ્યાં પરિચય વધે એવા પ્રસંગો હોય ત્યાં પોતે ગેરહાજર થઈ જાય, ગેરહાજર રહે. એમાં સામાને ખરાબ પણ લાગે (એ) બનવાજોગ છે. પણ આપણે તો આપણો ગોળ ચોરી ખાવાનો છે. (આવુ વર્તન) બીજાને ન ગમે. તોપણ (મોક્ષાર્થીને એમ જ હોય કે)

મારે પરિચય વધારવો નથી. સમાજમાં વધારવો નથી, સગાઓમાં વધારવો નથી અને એ પરિચય વધારવામાં ત્યાં પારકી પંચાત સિવાય (બીજું) હોય છે શું? એ તો કહો! જ્યાં વધારે (માણસો) ભેગા થાય અથવા કોઈને પણ તમે મળો એટલે સમાચારો સાંભળવાના મળે અને પોતે information bureau ખોલીને બેઠો હોય. ગામનું જાણવાની ઉત્સુકતા (હોય) આનું શું? પેલાનું શું? ફલાણાનું શું? કાંઈ લેવા-દેવા ન હોય તો પણ કુતૂહલવૃત્તિ-જાણવાની ઈચ્છા (ચાલ્યા કરે).

મુમુક્ષુ :- ભાઈશ્રી! જે (આત્મકલ્યાણનો) એક લક્ષી હોય એનો સંગ તો વધારે કરવો ને?

પૂજ્ય ભાઈશ્રી :- એકલક્ષી એટલે જે આત્મકલ્યાણની ભાવનાવાળો મોક્ષાર્થી જીવ હોય, એનો પરિચય કરવો. એનો પરિચય કરવાની ના નથી. સંસારીઓનો પરિચય ન કરવો. કેમકે (માનો કે કોઈને ત્યાં) લગ્ન પ્રસંગ આવે, (એ એમ કહે) 'અમારે ત્યાં party રાખી છે આ કારણથી જમણવાર રાખ્યો છે.' (એટલે જ્યારે ત્યાં જવાનું બને તો ત્યાં) બધાંને હળવા-મળવાનું બને, સારું-સારું જમવાનું બને, એ નિમિત્તે સારા કપડા પહેરાય, એ નિમિત્તે આપણો દેખાવ વધારાય, એમ અંદરમાં કેટલાય કારણો ચાલતા હોય છે. એ બધાં બારણા બંધ થઈ જાય. ક્યાંય દેખાવુ નથી (એમાં) બધાં બારણા બંધ થઈ જાય અને તો જ એને પોતાનું (અંદરનું) કામ કરવાનો અવકાશ રહે છે. નહીંતર એ બધે જતો રહે એમાં એટલું બધું ડહોળાઈ જાય છે! એટલું બધું ડહોળાઈ જાય છે કે એને પોતાને ખબર નથી (રહેતી) કે મેં કેટલું ડહોળ્યું? હવે (મારી) ગાડી પાટે ચડાવવામાં કેટલી મુશ્કેલી ઊભી થશે! એ કાંઈ ખબર નથી પડતી. અને (પોતાના પરિણામ) ડહોળી મૂકે છે. એટલે **'અલ્પપરિચયી થવું,...'** (એમ કહે છે). જેને જેમ લાગવું હોય એમ લાગો. હું હવે મારા કામે લાગ્યો છું. મારે મારું કામ એકવાર કરી લેવું છે, નહીંતર ઓચિંતુ અહીંથી જાવું પડશે તે દિવસે મારું કામ રહી જશે. (બાકી) બધું તો રહી જ જવાનું છે પણ આ કામ રહી જશે તેનું શું ? અંતે તો બધાં છૂટા જ પડી જવાના છે.

અલ્પ પરિચયી થવા માટે, **'અલ્પઆવકારી થવું,...'** (એટલે) જેમ પોતાને બધે જાવુ નથી તેમ બધાંને ભેગા પણ કરવા નથી. ઠીક છે, કોઈ આવી ચઢે ને આપણે આપણા ગૃહસ્થ (જીવનને) યોગ્ય વ્યવહાર કરીએ, એ જુદી વાત છે; પણ 'તમે કેમ આવતા નથી? તમે આવજો ને આવ્યા વગર રહેતા જ નહીં, કેમ આવ્યા નહીં? અમને ખોટુ લાગશે. તમે નથી આવતા એનું અમને ખોટુ લાગે છે' એ બધું તો મૂકી જ દેવું. કોઈ ન આવે તો ખોટુ લગાડવાનો સવાલ નથી રહેતો. કેમકે એમાં નુકસાન નથી - લાભ જ છે. દ્રવ્ય અને ભાવે - બન્ને રીતે (લાભ જ છે)! એટલે **'અલ્પઆવકારી થવું,....'**

(ઘણાં તો) બહારગામ હોય (એટલે) અમસ્તા-અમસ્તા કાગળ લખે - 'ઘણા વખતથી તમે આવ્યા નથી. તો જરૂર આવો. ફલાણું - આમ - તેમ (કંઈક લખે).' ભાઈ! પણ શું કામ છે તારે? (તારે) તારું કામ છે કે નહીં? પણ દેખાવ સારો કરવો હોય, આબરૂ-કીર્તિનો મોહ હોય, સંબંધોમાં મીઠાશ હોય, પછી એવી જ પ્રવૃત્તિ થાય ને! બીજું શું થાય?

(આગળ કહે છે) **'અલ્પભાવના દર્શાવવી,...'** એટલે બહુ મનમો નહીં દેવો, એમ કહે છે. જરા ખરાબ લાગશે કે આ ભાઈ બહુ મનમો દેતા નથી. પણ કાંઈ વાંધો નહીં. હવે એ બધાં સંબંધો ગાઢ કરવાના નથી. હવે (તો) એની જે પ્રગાઢતા થઈ છે એને મૂકવાની વાત છે.

**'અલ્પસહચારી થવું,...'** (સહચારી થવું એટલે)

સાથે રહેવું. માણસને company વિના ચાલતુ નથી. એ બધું બરાબર નથી. મોક્ષાર્થી જીવોનો સંગ કરો, સત્સંગ કરો એનો વાંધો નથી. સંસારીઓનો સંગ બહુ કરવા જેવો નથી. એટલે કૃપાળુદેવે એ બધાં માટેની પ્રવૃત્તિઓનો નિષેધ કર્યો છે.

**'અલ્પગુરુ થવું,...'** જુઓ! બહુ સરસ વાત કરી છે ! (કૃપાળુદેવ એમ કહે છે) ઉપદેશ નહીં આપવો. થોડુ–ઘણું પોતે સમજ્યો હોય તો બીજાને સમજાવવાની મહેનત ન કરવી. (મુમુક્ષુને તો એમ જ લાગે કે) મારે ઘણું કામ બાકી છે. કોઈ સમજવા આવે તો એ બીજે સોંપી દેવું કે મારા કરતા એ વધારે સમજે છે – ત્યાં તમે જાવ ને! મારું (સમજાવવાનું) કામ નથી. મારે (મારું) ઘણું કામ બાકી છે. (આમ થવાને) બદલે 'અધૂરો (ઘડો) છલકાય' એમ થોડું સમજે ત્યાં તો જલ્દી બીજાને સમજાવવા લાગી જાય! હજુ (પોતે) કાલ સવાર સુધી સમજવા માટે પ્રશ્ન પૂછતો હોય અને આજે બીજા (કોઈ) પ્રશ્ન પૂછતા હોય એને જવાબ દેવા (લાગી જાય). એ બધાં નુકસાનના વેપાર છે. એટલે એ પણ નહીં કરવું.

**'પરિણામ વિચારવું, એ જ શ્રેયસ્કર છે.'** એનું પરિણામ શું? એનું ફળ શું? મારે મુક્ત થવું છે, મારે હવે બંધાવુ નથી – એનું પરિણામ કેવી રીતે આવે? (એમ) પરિણામ વિચારવું. બંધાવાનું પરિણામ, મુક્ત થવાનું પરિણામ (વિચારવું). પરિણામ એટલે ફળ. ફળ વિચારવું. પોતાના પરિણામોનું ફળ વિચારવું, એમ કહે છે. એ જ કલ્યાણકારી છે. **'શ્રેયસ્કર છે'** એટલે કલ્યાણકારી છે.

એક છ લીટીના post-cardમાં કેટલી બધી વાતો ભરી છે!! કેટલી બધી વાતો ભરી છે! સમય થયો છે, અહીં સુધી રાખીએ.

*

## કરુણાસાગર 'પૂજ્ય ભાઈશ્રી શશીભાઈ'ની ૯૨મી જન્મ જયંતી પ્રસંગે ધાર્મિક કાર્યક્રમ

મુમુક્ષુજીવોના પરમ તારણહાર પૂજ્ય ભાઈશ્રી શશીભાઈની આગામી ૯૨મી જન્મ જયંતી માગશર સુદ-૩, તા. ૦૪-૧૨-૨૦૨૪ થી માગશર સુદ-૮, તા. ૦૮-૧૨-૨૦૨૪ પર્યંત અત્યંત આનંદોલ્લાસપૂર્વક ઉજવવામાં આવશે. આ પ્રસંગે મંડલ વિધાન પૂજન, પૂજ્ય ભાઈશ્રીનાં ઑડિયો તથા વિડીયો સી.ડી. પ્રવચન, પૂજ્ય ગુરુદેવશ્રીનાં વિડીયો સી.ડી. પ્રવચન, પૂજ્ય બહેનશ્રી ચંપાબહેનની વિડીયો સી.ડી. તત્ત્વચર્ચા, ભક્તિ, સત્સંગ, સાંસ્કૃતિક કાર્યક્રમ રાખવામાં આવશે. તથા તા. ૦૭-૧૨-૨૦૨૪ના દિવસે જિનેન્દ્ર રથયાત્રાનો કાર્યક્રમ રાખવામાં આવશે. આ પ્રસંગે આવનાર મુમુક્ષુએ ટ્રસ્ટના કાર્યાલયમાં અગાઉથી સૂચના આપવા વિનંતી છે જેથી તેમના આવાસ તથા ભોજનની સમુચિત વ્યવસ્થા થઈ શકે.

**સંપર્કઃ શ્રી રાજેન્દ્રભાઈ જૈન, મો. ૯૮૨૫૧૫૫૦૬૬**

**કાર્યક્રમ સ્થળ : 'શ્રી શશીપ્રભુ સાધના-સ્મૃતિ મંદિર' પ્લોટ નં. ૧૯૪૨બી, શશીપ્રભુ ચોક, રૂપાણી સર્કલ પાસે, ભાવનગર-૩૬૪૦૦૧**



# 'લોકદ્રષ્ટિ' - એક કાતિલ ઝેર

-પૂજ્ય ભાઈશ્રી શશીભાઈ

લોકદષ્ટિ એટલે લોકોની નજરમાં પોતાનો દેખાવ પોતાની કલ્પના પ્રમાણે અમુક પ્રકારનો આવો હોવો જોઈએ, રહેવો જોઈએ. એવો અભિપ્રાય અને એવું વલણ, એવી નજર સતત રહેવી એવું જ્ઞાનીને ન હોય તો એવું આપણને જ્યારે લક્ષમાં આવે ત્યારે; આમ તો એકધારું એવું અજ્ઞાનદશામાં વર્તતું હોય છે, પણ ખ્યાલમાં આવે ત્યારે એને પોતાની (એવી) રીત ભૂલાય, છૂટે એવા પ્રકારનું વલણ રાખવું જોઈએ.

જેમકે દાન દેવાનો ભાવ આવે છે. દાન દેવાનું એક દૃષ્ટાંત લઈએ. દાન દેવાનો ભાવ આવે છે. દાન દેવાથી બીજાને પણ ખ્યાલ આવે છે કે, આણે આટલું મોટું દાન કર્યું! તો એ સાથે-સાથે એને એવો ભાવ રહેતો હોય કે લોકો મને 'મોટો દાન દેનાર છું' એવી નજરે જોશે. એ પ્રવૃત્તિમાં આત્માર્થીએ એવી પ્રવૃત્તિમાં આગળ વધવું ન જોઈએ.

એમ ક્યાંક માનનું સ્થાન હોય, માન મળતું હોય અને પોતાની લોકદષ્ટિ એવી રહેતી હોય કે, 'બધાં મને માન આપે' તો એવા સ્થાન, એવા પ્રસંગોથી દૂર રહેવું, દૂર ભાગવું. એવો પ્રયત્ન આત્માર્થીએ કરવો જોઈએ. લોકદષ્ટિએ કરીને જ્યાં-જ્યાં પોતાને નુકસાન થવાનો ઉદય હોય (તો) એ સ્થાનને એણે છોડવું, એ સ્થાનથી દૂર રહેવાનો પ્રયત્ન કરવો, એમાં જાગૃતિ રાખવી; નહિતર લોકદષ્ટિ જેવું બીજું ઝેર એકેય નથી! બહુ મોટું ઝેર છે!! કાળકૂટ ઝેર છે, હળાહળ ઝેર છે, એમ કહીએ તો ચાલે. આત્માને માર્ગપ્રાપ્તિમાં, આનંદ-અમૃતના ભોગવટામાં એ ઝેર થઈને પડે છે.

મુમુક્ષુ : પોતાને હોંશિયાર માનવાવાળા હોંશથી ફસાય છે.

પૂજ્ય ભાઈશ્રી : માને એથી શું થઈ ગયું? કર્મ કોઈની કાંઈ શરમ રાખે છે? બીજા જીવો સમજશે કે નહિ સમજે એની સાથે કાંઈ નિયમ નથી કે, બીજાને ખ્યાલ આવે કે ન આવે. કોઈના દોષનો કોઈને ખ્યાલ આવે કે ન આવે પણ કર્મ તો એક એવી કુદરતી વસ્તુ છે કે, અહીંયાં દોષનું પરિણમન થયું (કે) અહીંયાં આસ્રવ-બંધ થયા વિના નહિ રહે. એને ઈન્દ્ર, નરેન્દ્ર, જિનેન્દ્ર કોઈ રોકી શકતા નથી. ખુદ જિનેન્દ્ર નથી રોકી શકતા! ત્યાં બીજો તો કાંઈ ઉપાય નથી.

પ્રશ્ન : દાન દેવું બંધ કરવું કે લોકદષ્ટિનો ત્યાગ કરીને દાન દેવું?

સમાધાન : લોકદષ્ટિનો ત્યાગ કરવો. દાન દેવાનો ત્યાગ કરવાનો સવાલ નથી પણ લોકદષ્ટિનો ત્યાગ કરવો. મુદ્દો તો લોકદષ્ટિનો ત્યાગ કરવાનો છે. લોકદષ્ટિમાં શું છે કે લોકોની નજરમાં પોતે મુખિયો થાય છે તો એ મુખ્યપણું એણે છોડી દેવું. ગુપ્ત રહીને કરવું, દાન દેવું હોય તો ગુપ્ત રહીને કરવું.

એવી રીતે આત્મસાધન કરવામાં એને બહાર પ્રતિષ્ઠા મળતી હોય અને એને દૂર જવું હોય તો પોતાનું કાર્ય ગુપ્ત રીતે કરવું, સ્વકાર્ય ગુપ્ત રીતે કરવું. એની જાહેરાત ન થાય એવી સાવધાની રાખવી એમ, એવો પ્રકાર છે. પોતાને નુકસાનથી કેવી રીતે બચવું? એ તો સમજાય એવું છે. જેને નુકસાનથી બચવું હોય એને તો સમજાય

એવું છે. છતાં જ્ઞાનીઓ નિષ્કારણ કરુણાથી કહે છે કે, આમ કરવું... આમ કરવું... આમ કરવું... અનેક પ્રકારે ઉપદેશ આપે છે.

પ્રશ્ન : જ્ઞાની સિવાય કોઈપણ બીજા આત્માની પ્રશંસા કરવી એ લોકદૃષ્ટિમાં જાય છે?

સમાધાન : એમાં અભિપ્રાય શું છે એટલો સવાલ છે. જ્ઞાનીની પ્રશંસા તો પૂજ્યતાની દૃષ્ટિથી થાય છે. એવી પૂજિતપણાની દૃષ્ટિ તો ન રહેવી જોઈએ. જેને જ્ઞાનદશા ન વર્તતી હોય એના પ્રત્યે બીજો લૌકિક શિષ્ટાચાર જુદો વિષય છે. અને ધર્મની દૃષ્ટિએ પૂજ્યપણું, ધર્મદૃષ્ટિએ બહુમાનપણું (થવું) એ બીજો વિષય છે. બે જુદો-જુદો વિષય છે. બન્નેને યથાસ્થાને રાખવું જોઈએ. એનું નામ વિવેક છે.

**(પ્રવચનાંશ...'બહેનશ્રીના વચનામૃત' તા. ૦૮-૧૧-૮૬, વચનામૃત - ૩,૪ પ્રવચન નં-૩, ૩ મિનિટે)**

## વિનમ્ર અપીલ

**"સ્વાનુભૂતિ પ્રકાશ" માસિક પત્રિકા છેલ્લા ૨૫ વર્ષથી પૂજ્ય ભાઈશ્રી શશીભાઈની પ્રેરણાથી હિન્દી તથા ગુજરાતીમાં સૌને ભેંટ મોકલવામાં આવે છે. જેની પાછળ કોઈને કોઈ પાત્ર જીવના આત્મકલ્યાણની એકમાત્ર વિશાળ ભાવના નિહિત છે.**

**જો આ પત્રિકાનો આપને ત્યાં અથવા આપની આસપાસના સમુદાયમાં સદ્‌ઉપયોગ ન થઈ શકતો હોય અથવા સંભવિત અવિનય કે અશાતના થતી જણાય તો અમોને જાણ કરવા વિનંતી અથવા એડ્રેસ સહિત જે તે પત્રિકા અમોને પરત મોકલી આપવી કે જેથી કરી તે સરનામા ઉપર પત્રિકા મોકલવી બંધ કરી શકાય. ટ્રસ્ટની આ વ્યવસ્થામાં આપનો સહકાર અપેક્ષિત છે.**

**આભાર**

**સંપર્કઃ શ્રી સત્‌શ્રુત પ્રભાવના ટ્રસ્ટ નીરવ વોરા મોઃ ૯૮૨૫૦૫૨૯૧૩**

## પૂજ્ય ભાઈશ્રી શશીભાઈના પ્રવચનો You tube ઉપર

પરમ ઉપકારી પૂજ્ય ભાઈશ્રી શશીભાઈના પ્રકાશિત પુસ્તકોના પ્રવચનો You tube ઉપર હવે ગુજરાતી તથા હિન્દી Subtitle સાથે જુઓ. You tube માં Satshrut prabhavna channel પર જઈ આ પ્રવચનો સાંભળી શકો છે. રાજ-હૃદય, કૃપાળુદેવ શ્રીમદ્ રાજચંદ્રજી ગ્રંથ ઉપર પ્રકાશિત થયેલા પ્રવચનો આવી રહ્યાં છે. દર રવિવારે સવારે ૧૧ વાગે આ પ્રવચનો Live પ્રસારણ કરવામાં આવે છે જેનો લાભ લેવા સર્વ મુમુક્ષુઓને વિનંતી. Channel ને Subscribe કરવાથી આગામી પ્રસારિત પ્રવચનોનું તમને અગાઉથી Notification મળી જશે.

## આવશ્યક સુચના

"સ્વાનુભૂતિ પ્રકાશ" માસિક પત્રિકા સમયસર પ્રાપ્તિ માટે જે લોકોને **(e-copy) - pdf.** ના રૂપમાં જોઈતી હોય તેમણે પોતાના રજિસ્ટ્રેશન માટે નીચેના નંબર પર સંપર્ક કરવો.

શ્રી નીરવ વોરા :- ૯૮૨૫૦૫૨૯૧૩



# પૂજ્ય બહેનશ્રીની તત્ત્વચર્ચા

## મંગલવાણી-સીડી-૧૪-C

પ્રશ્ન :- લખ્યું બીજી નોંધમાં કે સામાયિકમાં ...

ઉત્તર :- એ સામાયિક હોય. અંતરની સામાયિક એ તો સામાયિક જુદી હોય છે. તો એમાં એ લખ્યું છે. સામાયિક એટલે એ વખતે એવી રૂઢિ હતી. એક કલાક બેસે છે સામાયિક પછી ક્યાંય ઉઠવું પડે નહિ. એટલે એ સામાયિકમાં એમ લખ્યું છે. એ વખતે બહારથી સામાયિકમાં બેસવાની સ્થાનકવાસીમાં રૂઢિ હોય છે ને. એમ સામાયિકમાં બેઠો છે. એ ક્યારે .. સ્વરૂપ અનુભવાય રહે.

અંતરમાં તો સામાયિક જુદી છે. સ્વાનુભૂતિ અને સામાયિક એ જુદી છે. આ તો બહારથી. .. એમાં બેઠા હોય છે. એક કલાક સુધી બેસવું નથી, ક્યાંય જાવું નથી. આ સ્થાનકવાસી સંપ્રદાયમાં એવું હોય છે ને એ રીતે. ત્યારે તો એ બધું હતું ને બહારમાં. એ વખતે ખ્યાલ હતો કે આ બધી બહારની સામાયિક છે. પણ એ લખાણમાં એમ લખ્યું છે.

પ્રશ્ન :- માતાજી! અજ્ઞાનીને ક્રોધનો ઉદય આવે તો એ પાપથી બચવા માટે દબાવાની કોશીશ કરે. તો જ્ઞાની કઈ રીતે કરે છે?

ઉત્તર :- જ્ઞાયકની પરિણતિમાં એ શાંતિ રાખે. હું તો શાંતસ્વરૂપી છું. જ્ઞાયકની દોરી એને ક્રોધથી પાછી ખેંચી લે છે. ક્રોધમાં મર્યાદા બહાર જાતો નથી. ભેદજ્ઞાન એવું છે ક્રોધમાં એકત્વ થાતું નથી. ક્રોધથી જુદો જુદો રહે છે. ભેદજ્ઞાનની ધારા વર્તે છે એને.

પ્રશ્ન :- ઉપયોગ તો ક્રોધમાં જ છે.

ઉત્તર :- ઉપયોગ ભલે ક્રોધમાં હોય પણ જ્ઞાયકની દોરી ચાલું જ છે. એમાં એકત્વ થાતું નથી.

પ્રશ્ન :- ઉપયોગ પાછો વળવાનો પ્રયત્ન કરે છે?

ઉત્તર :- ઉપયોગ પાછો વળવાનો પ્રયત્ન કરે છે. પરિણતિ તો જુદી ને જુદી છે. પણ ઉપયોગ પણ વધારે બહાર ન જાય અને પાછો વળે છે. સહજપણે. એને તો ભેદજ્ઞાનની ધારા વર્તે છે. એની વિરક્તિની પરિણતી જ્ઞાયક એના હાથમાં છે. અંદર પરિણતિ જુદી પરિણમે છે. અમુક અંશે એને સ્થિરતા, લીનતા, શાંતપણું અમુક અંશે છૂટતું જ નથી. બહારથી ગમે તે દેખાય તોપણ. ક્રોધમાં એવો નથી થાતો. એકદમ આકુળ-વ્યાકુળ એવો થાતો નથી.

*



## ‘દ્રવ્યદષ્ટિ પ્રકાશ’માંથી ‘પ્રમાણનો વિષય’ સંબંધિત પૂજ્ય નિહાલચંદ્રજી સોગાનીજીના વચનામૃત

નિર્વિકલ્પ થતાં જ પોતાનામાંથી જ એક જ્ઞાન ઉઘડે છે, જે બન્ને (સામાન્ય વિશેષ) પડખાંને સહજ જાણી લ્યે છે, તેને પ્રમાણ જ્ઞાન કહે છે. (૩)

*

પરિણામ અને ત્રિકાળ-અપરિણામી એમ બે થઈને જ આખી એક વસ્તુ છે, જે પ્રમાણનો વિષય છે. વેદાંત-આદિ તો એકલો નિષ્ક્રિય નિષ્ક્રિય કહે છે, તેઓ પરિણામને માનતા જ નથી; તેથી નિષ્ક્રિય પણ જેવો છે તેવો તો તેમની માન્યતામાં આવતો જ નથી. અહીં તો પરિણામ ને ગૌણ કરીને નિષ્ક્રિય કહેવામાં આવે છે. (૪)

*

(જેમ) એક ચક્રને અનેકપાસા છે, બધા પાસા અલગ અલગ ડીઝાઈનના છે, જ્યારે એક પાસાની વાત ચાલતી હોય ત્યારે બીજા પાસાની વાત નહિ સમજવી જોઈએ. તેમ વસ્તુના અનેક ધર્મોમાંથી ભિન્ન ભિન્ન ધર્મોની વાત ચાલતી હોય ત્યારે એક બીજામાં ગોટાળો નહીં થવો જોઈએ. (૫)

*

પોતાના દ્રવ્યમાં દ્રષ્ટિ તાદાત્મ્ય થતાં જ જ્ઞાન પ્રમાણ થઈ જાય છે, ત્યારે જ્ઞાન (અન્ય) બધી વાતો (યથાર્થપણે) જાણી લે છે. (૪૩)

*

પ્રશ્ન : જામી જવું તે પણ પર્યાય જ છે ને?

ઉત્તર : અરે ભઈ, આખરે કાર્ય તો બધું પરિણામમાં જ આવશે. પરિણામથી ન ગભરાઓ. પરિણામ પર ઉભા ન રહો. કાર્ય તો પરિણામમાં જ આવે છે. અપરિણામીમાં જામી ગયો તો કાર્ય તો પરિણામમાં જ આવશે, અને વેદન પણ પર્યાયનું જ થશે. અપરિણામી અને પરિણામ બે અંશ થઈને આખી (પ્રમાણજ્ઞાનની વિષયભૂત) વસ્તુ છે. (૧૮૭)

*

(દ્રવ્યનો) શુદ્ધપર્યાયની સાથે વ્યાપ્ય-વ્યાપક સંબંધ આખા દ્રવ્યના ક્ષેત્રના હિસાબે (પ્રમાણથી) છે. (સામાન્ય, વિશેષરૂપ થઈ જતુ નથી.) (૫૨૦)

*

પોતાના દ્રવ્યમાં દ્રષ્ટિનું તાદાત્મ્ય થતાં જ જ્ઞાન પ્રમાણ થઈ જાય છે. આ રીતે પ્રમાણ થયેલું જ્ઞાન બધી વાતો જાણી લે છે. (પોતાની આંશિક શુદ્ધિ, અશુદ્ધિ અને એને નિમિત્ત આદિ બધાને, પ્રમાણ જ્ઞાન જાણી લે છે.) (૫૨૪)

*

પ્રમાણથી દ્રવ્ય પર્યાયનો કર્તા છે. નિશ્ચયથી (ત્રિકાળી) દ્રવ્ય પર્યાયનો કર્તા નથી. (૬૦૭)

*



# ક્ષમાપના

હે ભગવાન! હું બહુ ભૂલી ગયો, મેં તમારાં અમૂલ્ય વચનને લક્ષમાં લીધાં નહીં. તમારાં કહેલાં અનુપમ તત્ત્વનો મેં વિચાર કર્યો નહીં. તમારાં પ્રણીત કરેલાં ઉત્તમ શીલને સેવ્યું નહીં. તમારાં કહેલાં દયા, શાંતિ, ક્ષમા અને પવિત્રતા મેં ઓળખ્યાં નહીં. હે ભગવન્! હું ભૂલ્યો, આથડ્યો, રઝળ્યો અને અનંત સંસારની વિટંબનામાં પડ્યો છું. હું પાપી છું. હું બહુ મદોન્મત્ત અને કર્મરજથી કરીને મલિન છું. હે પરમાત્મા! તમારાં કહેલાં તત્ત્વ વિના મારો મોક્ષ નથી. હું નિરંતર પ્રપંચમાં પડ્યો છું, અજ્ઞાનથી અંધ થયો છું, મારામાં વિવેકશક્તિ નથી અને હું મૂઢ છું, હું નિરાશ્રિત છું, અનાથ છું. નિરાગી પરમાત્મા! હું હવે તમારું, તમારાં ધર્મનું અને તમારાં મુનિનું શરણ ગ્રહું છું. મારા અપરાધ ક્ષય થઈ હું તે સર્વ પાપથી મુક્ત થઉં એ મારી અભિલાષા છે. આગળ કરેલાં પાપોનો હું હવે પશ્ચાત્તાપ કરું છું. જેમ જેમ હું સૂક્ષ્મ વિચારથી ઊંડો ઊતરું છું તેમ તેમ તમારાં તત્ત્વના ચમત્કારો મારા સ્વરૂપનો પ્રકાશ કરે છે. તમે નિરાગી, નિર્વિકારી, સત્ચિદાનંદસ્વરૂપ, સહજાનંદી, અનંતજ્ઞાની, અનંતદર્શી અને ત્રૈલોક્યપ્રકાશક છો. હું માત્ર મારા હિતને અર્થે તમારી સાક્ષીએ ક્ષમા ચાહું છું. એક પળ પણ તમારાં કહેલાં તત્ત્વની શંકા ન થાય, તમારાં કહેલા રસ્તામાં અહોરાત્ર હું રહું, એ જ મારી આકાંક્ષા અને વૃત્તિ થાઓ! હે સર્વજ્ઞ ભગવાન! તમને હું વિશેષ શું કહું? તમારાથી કંઈ અજાણ્યું નથી. માત્ર પશ્ચાત્તાપથી હું કર્મજન્ય પાપની ક્ષમા ઇચ્છું છું. – ૐ શાંતિઃ શાંતિઃ શાંતિઃ

*

('શ્રીમદ્ રાજચંદ્ર' શિક્ષાપાઠ–૫૬ )

## ક્ષમાપના

આજ દિન પર્યંત વીતરાગ દેવ-ગુરુ-શાસ્ત્ર પ્રત્યે તેમજ કોઈપણ જીવ પ્રત્યે જે કંઈ પણ અવિનય અને અશાતનાના પરિણામ થયા હોય તેની શુદ્ધ અંતઃકરણપૂર્વક ક્ષમા યાચીએ છીએ. વીતરાગ દેવ-ગુરુ-શાસ્ત્ર પ્રત્યે તથા વીતરાગ આપ્તપુરુષ દ્વારા બોધિત પરમતત્ત્વ પ્રત્યે સદાય શરણાગતપણે રહીએ એ આજના દિવસે ભાવના ભાવીએ છીએ.

–'સ્વાનુભૂતિપ્રકાશ' પરિવાર

# કહાન રત્નસાગરના અણમોલા મોતી.......


ભાઈ! અત્યારે તો પોતાનું કામ કરી લેવા જેવું છે. અરે! મા-બાપ, ભાઈ-બહેન, સગા સંબંધી આદિ અનેક કુટુંબીઓ મરીને ક્યાં ગયા હશે? એની કાંઈ ખબર છે? અરે! મારે મારા આત્માનું હિત કરી લેવું છે - એમ એને અંદરથી લાગવું જોઈએ. આહાહા! સગા-સંબંધી બધા ચાલ્યા ગયા, તેના દ્રવ્ય, ક્ષેત્ર, કાળ, ભાવ, ભવ બધું ફરી ગયું. શરીરના અનંતા રજકણો ક્યારે ક્યાં કેમ થશે એની છે ખબર? માટે જે જાગતો રહેશે તે બચશે. (૯૪)

*

બાળકથી માંડીને વૃદ્ધને સર્વને એટલેકે અજ્ઞાનીને સદા સ્વયં અનુભૂતિસ્વરૂપ ભગવાન આત્મા જ અનુભવમાં આવે છે. વર્તમાન જ્ઞાનની જે વર્તમાન અવસ્થા છે, અજ્ઞાનીને પણ વિકાસરૂપ જે ભાવેન્દ્રિયની ખંડખંડ જ્ઞાનરૂપ પર્યાય છે તેમાં આત્મા જ અનુભવમાં આવે છે, કેમકે તે પર્યાયમાં સ્વપરપ્રકાશક તાકાત છે, તેથી તેમાં સ્વજ્ઞેય જ જાણવામાં આવે છે. બાળકથી માંડીને વૃદ્ધને સર્વને, જ્ઞાનની વર્તમાન પર્યાયનો સ્વભાવ સ્વપરપ્રકાશક હોવાથી, અજ્ઞાનીને પણ તેની જ્ઞાનની પર્યાયમાં આત્મા જ અનુભવમાં આવે છે. અનુભૂતિસ્વરૂપ ભગવાન આત્મા આબાળગોપાળ સર્વને સદાકાળ સ્વયં અનુભવમાં આવે છે. પર્યાયમાં આત્મા જ ખ્યાલમાં આવે છે. પરમાત્મા ફરમાવે છે કે પ્રભુ! તારા જ્ઞાનની પર્યાયમાં સદાય સ્વયં આત્મા પોતે જ અનુભવમાં આવે છે. જ્ઞાનની પ્રગટ દશામાં સર્વને ભગવાન આત્મા અનુભવમાં આવે છે. (૧૦૫)

*

('દ્રવ્યદ્રષ્ટિ જિનેશ્વર' માંથી સાભાર ઉદ્ધૃત)


## નવું પ્રકાશન

## 'અધ્યાત્મ પિપાસા' (ભાગ-૫)

પ્રશમમૂર્તિ ધન્યાવતાર પૂજ્ય બહેનશ્રીની તત્ત્વચર્ચાનો ગ્રંથ 'સ્વાનુભૂતિદર્શન' ઉપર અધ્યાત્મયોગી પરમોપકારી પૂજ્ય ભાઈશ્રી શશીભાઈના પ્રવચનો, 'અધ્યાત્મ પિપાસા'ની શ્રેણીનો ભાગ-૫ (ગુજરાતી) પૂજ્ય ભાઈશ્રી શશીભાઈના આગામી ૯૨માં જન્મજયંતિ મહોત્સવ પ્રસંગે, તા. ૦૮-૧૨-૨૦૨૪ના દિવસે પ્રકાશિત કરવામાં આવશે. આ ગ્રંથની મર્યાદિત નકલો છપાવવાની હોવાથી જે મુમુક્ષુઓ તરફથી વ્યક્તિગત માંગણી આવશે તેટલી જ નકલો પ્રકાશિત કરવામાં આવશે. માટે જે કોઈ મુમુક્ષુઓને પુસ્તકની આવશ્યકતા હોય તેઓએ પોતાની નકલ તા. ૩૦-૧૧-૨૦૨૪ સુધીમાં નીચેના નંબર પર રજીસ્ટર કરાવી લેવા વિનંતી.

- શ્રી સત્શ્રુત પ્રભાવના ટ્રસ્ટ

શ્રી નીરવ વોરા ૯૮૨૫૦ ૫૨૯૧૩

*REGISTERED NO. : BVHO - 261 / 2024-2026*
*RENEWED UPTO : 31/12/2026*
*R.N.I. NO. : 69847/98*
**Title Code : GUJGUJ07425**
*Published : 10th of Every month at BHAV.*
*Posted at 10th of Every month at BHAV. RMS*
*Total Page : 20*

# 'સત્પુરુષોનું યોગબળ જગતનું કલ્યાણ કરો'



... દર્શનીય સ્થળ ...

## શ્રી શશીપ્રભુ સાધના સ્મૃતિ મંદિર

ભાવનગર

સ્વત્વાધિકારી શ્રી સતશ્રુત પ્રભાવના ટ્રસ્ટ વતી મુદ્રક તથા પ્રકાશક શ્રી રાજેન્દ્ર જૈન દ્વારા અજય ઑફસેટ, ૧૨-સી, બંસીધર મીલ કંપાઉન્ડ, બારડોલપુરા, અમદાવાદ-૩૮૦ ૦૦૪ થી મુદ્રિત તથા ૫૮૦, જુની માણેકવાડી, પૂજ્ય ગુરુદેવશ્રી કાનજીસ્વામી માર્ગ, ભાવનગર- ૩૬૪ ૦૦૧ દ્વારા પ્રકાશિત.
સંપાદક : રાજેન્દ્ર જૈન -09825155066

Printed Edition : **1301**
Visit us at : http://www.satshrut.org

If undelivered please return to ...
**Shri Shashiprabhu Sadhana Smruti Mandir**
1942/B, Shashiprabhu Marg, Rupani,
Bhavnagar - 364 001

mayur process 9374825041